# વેતન વધારો,કામનું ભારણ ઘટાડો : આંગણવાડી બહેનોની રેલી,મુખ્યમંત્રીને રજૂઆત




રાજકોટઃ

ગુજરાતના આવનારા બજેટમાં આંગણવાડી કર્મચારીઓ માટે વેતન વધારો તથા નવા મોબાઈલ અને ઓનલાઈન કામનું ભારણ ઓછું કરવા સહિતનાં પ્રશ્નો હલ કરવા માટે સરકાર યુનિયન અગ્રણીઓ સાથે બેઠક યોજવા ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠ્ઠને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી આજે રાજકોટમાં રેલી યોજી હતી.રજૂઆતમાં સંગઠ્ઠને જણાવેલ હતું કે આંગણવાડી બેહનો છેલ્લા અનેક વર્ષોથી બાળ પોષણ, આરોગ્ય સેવાઓ, રસીકરણ, પોષણ ટ્રેકિંગ, સર્વેક્ષણ, સરકારની વિવિધ યોજનાઓનો અમલ,જેવા અત્યંત મહત્વપૂર્ણ કાર્ય તદ્દન ઓછા વેતનમાં અને ભારે કામના બોજ સાથે કરી રહ્યા છે.

છતાં વેતન આજના મોંઘવારી ના પ્રમાણમાં અત્યંત અપૂરતું છે.તાજેતરમાં સરકાર દ્વારા ઓનલાઈન કામગીરીમાં સતત વધારો કરવામાં આવ્યો છે, પોષણટ્રેકર એપ્લિકેશન, રિર્પોટિંગ, ડેટા એન્ટ્રી, ફોટો અપલોડ, હ્લઈજી સિસ્ટમ, ક્ષિાં સિસ્ટમ, રોજિંદી ઓનલાઈન વધતી જતી કામગીરીને કારણે પોતાના અંગત મોબાઈલ પણ હવે ચાલતા નથી,એપ આધારિત કામગીરી ને કારણે યોજનાની મુખ્ય છ સેવાઓ પર અને બાળકોના શિક્ષણ પર ગંભીર અસર પડી રહી છે, જેથી ઓનલાઈન કામગીરીનું ભારણ ઓછું કરવામાં આવે તે અત્યંત જરૂરી છે.


આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ આવનાર રાજ્ય બજેટમાં આંગણવાડી વર્કર, હેલ્પરને વેતનમાં હાઈકોર્ટના હુકમ મુજબ વેતનવધારો આપવામાં આવે.આંગણવાડી કર્મચારીઓને નિયમિત કર્મચારીનો દરજ્જો, પેંશન, સામાજિક સુરક્ષાના લાભો આપવામાં આવે.તાત્કાલિક સારી કંપનીના નવા મોબાઈલની વ્યવસ્થા કરવામાં આવે.અને મોબાઈલ ઇનસેટિવ રેગ્યુલર આપવામાં આવે.એપ આધારિત કામગીરી સરળ અને ભારણ મુક્ત કરવી જોઈએ, જેથી રોજિંદી કામગીરીમાં અવરોધ ન થાય, તેમજ બાળકોના શિક્ષણ ઉપર ધ્યાન રહે. તેમજ ડિજિટલ આંકડા મેળવ્યા બાદ પણ ફરી નવા રજીસ્ટરો અને ખૂબ જ ગૂંચવણ વાળા રજીસ્ટરો ના કારણે આંગણવાડી વર્કર નો સમય વેડફાય છે તેથી રજીસ્ટર બનાવવાનોનવી એપ્લિકેશન અઝટ દ્વારા બાળકોની હાજરી ફોટા પ્રમાણે સંખ્યા આવતી નથી.

તેમજ સરકારે કરેલ જાહેરાત મુજબ એપ્લિકેશન ની હાજરી પ્રમાણે અનાજ ફાળવણી કરવામાં આવશે તો કુપોષણ ઉપર તેની અત્યંત ગંભીર અસર પડશે તે નિશ્ચિત છે.બાળકોના આહાર દરમાં છેલ્લા ૨૦૧૯ પછી કોઈ જ વધારો કરવામાં આવેલ નથી તે આજના બજારભાવ જોતા ઘણી ગંભીર બાબત છે, તો આહાર ની માત્રા અને ખરીદીના બજારભાવ પ્રમાણે વધારો કરવામાં આવે.દેશના બધા રાજયોમાં નિવૃત્તિ વય મર્યાદા ૬૦ થી ઉપર છે લાંબા સમયની આ માગણી છે એક વખત જિલ્લા તાલુકા ફેરબદલી ની તક આપવામાં આવે, અગાઉ આ અંગે પરિપત્રો થયા હતા જે પાછળથી રદ કરવામાં આવ્યા હતા.

આંગણવાડી કર્મચારીઓ સરકારી પાયાની કલ્યાણકારી યોજનાઓના આધારસ્તંભ છે, તેમનું જીવનસ્તર સુધારવું અને કાર્ય પરિસ્થિતિને સુદ્રઢ બનાવવી રાજ્ય સરકારની મહત્વપૂર્ણ જવાબદારી છે, અમારી ન્યાયસંગત માંગણીઓ પર સહાનુભૂતિ પૂર્વક વિચાર કરી યોગ્ય અને તાત્કાલિક નિર્ણય લેવાય તેવી આશા છે.

# નેહલ શુકલ સતત ત્રણ બોર્ડમાં ગેરહાજર : સભ્યપદ ઉપર જોખમ ?

રાજકોટઃ રાજકોટ મહાપાલિકાની વર્તમાન બોડીની મુદત પુરી થવા આડે હવે એક મહિનો અને એક સપ્તાહ જ બાકી રહ્યા છે ત્યારે શાસક પક્ષ ભાજપના એક કોર્પોરેટર છેલ્લા ત્રણ બોર્ડથી (છ મહિના) સભામાં ગેરહાજર રહેતા હોય તેવો હવે સભ્યપદે ચાલુ રહીને આગામી બોર્ડમાં ભાગ લઇ શકે કે નહી તેવો અભિપ્રાય માંગતો પત્ર ઇન્ચાર્જ સેક્રેટરીએ કમિશનરને લખતા અને આ વાત બંને લોબીમાં ગુંજતા ભાજપ વર્તુળોમાં ચકચાર ફેલાઇ છે. વોર્ડ નં.૭ના કોર્પોરેટર અને સ્ટે.કમીટીના સભ્ય નેહલ શુકલ હવેની સભામાં બેસી શકશે કે નહીં તે અંગે સેક્રેટરી વિભાગ કમિશનર કચેરીના અભિપ્રાયની રાહ જોઇ રહ્યો છે.જીપીએમસી એક્ટની કલમ ૧૧ હેઠળ કોઇપણ ચૂંટાયેલા કોર્પોરેટર સતત ત્રણ સામાન્ય સભામાં ગેરહાજર રહે તો તેઓને સભ્યપદેથી ગેરલાયક ઠેરવવાની કાર્યવાહી થઇ શકે છે. ૨૦૧૮ના વર્ષમાં કોંગ્રેસના



કોર્પોરેટર ધર્મિષ્ઠાબા જાડેજાને આ જ કારણોથી (૨૦૧૭-૧૮) પદ પરથી ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા. આ પ્રકરણ શહેરી વિકાસ અને કોર્ટ સુધી ગયું હતું.સ્થાયી સમિતિના સભ્ય કોર્પોરેટર નેહલ શુકલ છેલ્લે મળેલા ૨૦ જાન્યુઆરીના બોર્ડમાં ઉપસ્થિત રહી શકયા ન હતા. તેઓ તા.૨૦-૯-૨૫ના બોર્ડમાં ગેરહાજર હતા. તા. ૨૦-૧૧-૨૫ અને તા.૨૦-૧-૨૬ના બોર્ડમાં તેઓએ રજા રીપોર્ટ મોકલ્યા હતા. આ રીતે ત્રણ બોર્ડમાં તેમની ગેરહાજરી નોંધાઇ છે. હવે આવતા સપ્તાહે સ્ટે.કમીટીની મીટીંગ મળશે અને તે બાદ બજેટ સભા મળવાની છે.આથી છેલ્લા ત્રણ બોર્ડમાં ગેરહાજર રહેનાર કોર્પોરેટર આગામી બોર્ડમાં ભાગ લઇ શકે કે કેમ તે ચર્ચાઓ થોડા દિવસથી થવા લાગી હતી. દરમ્યાન ઇન્ચાર્જ સેક્રેટરીએ રાબેતા મુજબની નોંધ કરી આગળની કાર્યવાહીના ભાગરૂપે કમિશનરને પત્ર લખ્યો છે. નગરસેવક હવે આગામી જનરલ બોર્ડમાં હાજર રહી શકે કે નહીં તેનો અભિપ્રાય પુછયો છે.

બીજી તરફ બીનરાજકીય ચર્ચા એવી પણ છે કે હવે વર્તમાન બોડીની ટર્મ પૂરી થવાને માત્ર સવા મહિનો બાકી રહ્યો છે. આથી પ્રક્રિયા કરવામાં જ સમય પસાર થઇ જશે. સત્તાધારી પક્ષના નગરસેવકને આગામી બોર્ડમાં હાજર રહેવાનું કે નહીં એ જ પ્રશ્ન છે. જો સેક્રેટરી વિભાગને કોઇ અભિપ્રાય ન મળે તો કોર્પોરેટર રાબેતા મુજબ બોર્ડમાં હાજર રહી શકે તેવું પણ મંતવ્ય છે. હાલ તો આ મુદ્દો ભાજપ લોબીમાં ચર્ચામાં આવી ગયો છે.

# કોર્ટના નિવૃત્ત કલાર્કને ડિજિટલ એરેસ્ટ કરી રૂ.૮૮.૫૦ લાખ પડાવનાર BCAનો છાત્ર ઝબ્બે



રાજકોટઃસાધુવાસવાણી રોડ રહેતાં અને બોલબાલામાં સેવા આપતા કોર્ટના નિવૃત્ત કલાર્કને ડિજિટલ એરેસ્ટ કરી રૂ.૮૮.૫૦ લાખ પડાવનાર મધ્યપ્રદેશના બીસીએના છાત્રને સાયબર ક્રાઈમની ટીમે પકડી પાડી કાર્યવાહી કરી હતી. આરોપીના એકાઉન્ટમાં ૮ લાખ જમાં થયાં હતા, જેનું ૧.૫૦ લાખ કમિશન મળ્યું હતું. મુખ્ય સૂત્રધાર કેતન જોષીનું નામ ખુલતાં તેની શોધખોળ આદરી છે.

બનાવ અંગે યુની. રોડ પરના સાધુવાસવાણી રોડ પર સ્વાગત રેસીડેન્સીમાં રહેતાં અને સેસન્સ કોર્ટના નિવૃત કલાર્ક તેમજ બોલબાલા ટ્રસ્ટમાં સેવા આપતાં દિનેશભાઈ જીવણભાઈ દેલવાડીયા (ઉવ.૬૯) અને તેમની પત્નીને ૪૫ દિવસ ડિજિટલ એરેસ્ટ કરી સાયબર માફિયાઓએ ૮૮.૫૦ લાખ પડાવી લીધાં હતા.

દિલ્લી ક્રાઈમ બ્રાંચમાંથી સુનીલકુમાર ગૌતમનો ફોન આવેલ અને કહેલ કે, દિલ્લી ક્રાઈમ બ્રાંચમાં "ૈંઝ્રૈંઝ્ર ના બેંક મેનેજર સંદીપ કુમાર વિરૂધ્ધ મની લોંડરીંગનો ગુનો દાખલ થયેલ છે, તેને જે ફ્રોડ કરેલ તેમાથી તમને ૧૦ ટકા હીસ્સો આપેલનું સુપ્રીમ કોર્ટમા નીવેદનમા આપેલ છે, કહી વૃધ્ધ દંપતીને ડિજિટલ એરેસ્ટ કરી લીધાં હતાં. બાદમાં મની લોન્ડરીંગ તથા ડ્રગ્સના કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી પત્નીના મોબાઈલમાં આરોપી પકડયાના ફોટા મોકલી ભયભીત કરી દીધાં અને રોકડ, સોના પર લોન લેવડાવી લાખો રૂપિયાનું આરટીજીએસ કરાવી લીધું હતું.જે બાદ ૪૫ દિવસના અંતે ફરીયાદીએ પુત્રને જાણ કરી પોલીસ પાસે પહોંચ્યા, સાયબર ક્રાઈમની ટીમે ગુનો નોંધો પીઆઈ જે.એમ.કૈલા, એસ.ડી.ગીલવા અને ટીમે તપાસનો ધમધમાટ આદર્યો હતો.

જે ગુનાની ગંભીરતા જોઈ ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી સાયબર ક્રાઈમ સી.એમ.પટેલ દ્વારા શહેરના નાગરીકો સાથે થયેલ સાયબર ફ્રોડના ગુન્હાના આરોપીઓને પકડી પાડવાની આપેલ સુચનાથી સાયબર ક્રાઈમની ટીમે સાયબર સેન્ટીનલ લેબની મદદથી ગુન્હામાં સંડોવાયેલા દેવાંશ ઉર્ફે કાનો રાહુલ જોષી (ઉ.વ.૨૨, ધંધો અભ્યાસ રહે. ૦૮- દ્રોપતી નગર વિજય જયોતી સ્કુલની બાજુમા દેવાસ, મધ્યપ્રદેશ) ને મધ્યપ્રદેશ ખાતેથી પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરેલ છે.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી દેવાંશ ઉર્ફે કાનો રાહુલ જોષીએ પોતાના બેંક એકાઉન્ટમાં ફરીયાદી સાથે થયેલ સાયબર ફ્રોડના કુલ રૂ.૮ લાખ રૂપીયા મેળવ્યાં હતાં. તેમજ આરોપીના બેંક એકાઉન્ટ વિરૂધ્ધ અલગ-અલગ રાજ્યમાં કુલ-૨૧ એનસીઆરપી અરજીઓ થયેલ છે.ઉપરાંત પકડાયેલ આરોપી બીસીએનો અભ્યાસ કરે છે અને તેને બેંક એકાઉન્ટ ખોલી કિટ મધ્યપ્રદેશના કેતન જોષી નામના શખ્સને આપી દિધી હતી. જે ૮ લાખ રૂપિયાનું તેને રૂ.૧.૫૦ લાખ કમિશન મળ્યું હતું.

# સરકારી જમીનના દબાણકારો માટે વૈકલ્પિક વ્યવસ્થાની કોઈ જોગવાઈ નથી : કલેકટર

## જંગલેશ્વરના દબાણોના મામલે હાઈકોર્ટના નિર્દેશ અને રેવન્યુ ટ્રીબ્યુનલના આદેશ મુજબ કાર્યવાહી કરવા વહીવટીતંત્ર મકકમ

રાજકોટઃસરકારી જમીન પર દબાણો ખડકનાર દબાણકારો માટે વૈકલ્પીક વ્યવસ્થા કરી આપવાની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી તેવું સ્પષ્ટપણે જણાવી જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશએ જણાવ્યું હતું કે જંગલેશ્વરના દબાણોના મામલે હાઈકોર્ટના નિર્દેશ અને ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલના આદેશ મુજબ હવે પછી કાર્યવાહી કરવામાં આવશે.અહીં એ ઉલ્લેખનીય છે કે કલેકટર તંત્ર દ્વારા જંગલેશ્વર વિસ્તારની સરકારી જમીન પર ખડકાયેલા મકાનોમાં વસવાટ કરતા ૧૩૫૮ પરિવારોને તેમના રહેણાંકના આ મકાનો ખાલી કરી દેવા માટે ગત તા.૨૭ જાન્યુ.ના ૨૦૨ની આખરી નોટીસ ફટકારવામાં આવી હતી.આ પહેલા અલગ-અલગ બે નોટીસ ફટકારી શહેરના પૂર્વ વિભાગના મામલતદાર દ્વારા અસરગ્રસ્તોને રૂબરૂ બોલાવી સુનાવણી કરી મકાનોના આધાર-પુરાવા સહિત દસ્તાવેજો ચકાસવામાં આવેલ હતા. પરંતુ એક લાખ ચો.મીટરથી



વધુની આ જમીન સરકારી સાબીત થતા અસરગ્રસ્તોને તેમના આ મકાનો ખાલી કરવા માટે આ આખરી નોટીસ ફટકારી સાત દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવેલ હતું.

પરંતુ ત્યારબાદ આ મામલો ગુજરાત હાઈકોર્ટમાં પહોંચતા હાઈકોર્ટે આ પ્રકરણમાં ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલમાં જવા માટે અસરગ્રસ્તોને ડાયરેકશન આપેલ હતું. આ અંગે સ્પષ્ટતા કરતા જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશએ જણાવ્યું હતું કે સરકારી જમીન પર થયેલા આ દબાણોના મામલે હાઈકોર્ટના આદેશનું ચુસ્તપણે પાલન કરાશે. તેઓએ વધુમાં જણાવેલ હતું કે સરકારી જમીન પર ખડકાયેલા દબાણોના મામલે વૈકલ્પીક વ્યવસ્થા અસરગ્રસ્તો માટે કરવાની કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી.

હાઈકોર્ટે અસરગ્રસ્તોને ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલ (જીઆરટી)માં અપીલ કરવા માટે ત્રણ માસની મુદત આપેલ છે.રેવન્યુ ટ્રીબ્યુનલમાં આ પ્રકરણમાં નિર્ણય લેવા માટેની પ્રક્રિયા ચાલુ છે ત્યાં સુધી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરાશે નહીં. રેવન્યુ ટ્રીબ્યુનલના આદેશનું પાલન કરાશે. હાઈકોર્ટ દ્વારા વહીવટી તંત્રને આ અંગે કોઈ સુચના અપાયેલ નથી. દબાણકર્તાઓને પોતાની રજૂઆત કરવા માટે પૂરતી તક આપવામાં આવી છે. સરકારી જમીન પર મોટી સંખ્યામાં દબાણો થયા છે આવા દબાણકારોને વૈકલ્પીક જગ્યા આપવાની કોઈ કાયદાકીય જોગવાઈ નથી.

# BSNLના ધાંધીયા : ઈમરજન્સી સેવા ફાયર બ્રિગેડના ફોન બંધ : દેકારો

રાજકોટઃશહેરની અત્યંત મહત્વની ઈમરજન્સી સેવા ફાયર બ્રિગેડ ફરી એકવાર મ્જીદ્ગન્ના નેટવર્કની ખામીનો ભોગ બની છે. ફાયર કંટ્રોલ રૂમના BSNL ફોનમાં ફોલ્ટ સર્જાતા બંધ થયેલ છે. આ બાબતથી અજાણ લોકો વારંવારમાં ફાયર વિભાગનો સંપર્ક કરતા નંબર બંધ આવેલ. આ તકે લોકોમાં જાગૃતતતા આવે ત અને જાહેર સેવા તથા આગ અકસ્માત જેવી તાત્કાલિક પરિસ્થિતિઓમાં કોઈ વિલંબ ન થાય તે હેતુથી ફાયર વિભાગ દ્વારા વૈકલ્પિક મોબાઈલ નંબર જાહેર કરવામાં આવ્યા છે.

ફાયર વિભાગ તરફથી આપવામાં આવેલી માહિતી અનુસાર, જાહેર જનતાએ આગ, દુર્ઘટના કે અન્ય તાત્કાલિક ફાયર સેવાઓ માટે હવે કંટ્રોલ રૂમ નં.૯૪૨૯૯ ૦૩૨૬૧ પર સંપર્ક કરવો રહેશે. ઉપરાંત, ફાયર વિભાગના જવાબદાર અધિકારીઓના મોબાઈલ નંબર પણ જાહેર કરાયા છે.




જેથી ઈમરજન્સી સમયે સીધો સંપર્ક શક્ય બને. ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, લીડિંગ ફાયરમેન જયસુખભાઈ (મો.નં.૭૦૯૬૪ ૩૩૮૩૨), ફાયર ઓફિસર ઋષિ તન્ના (મો.નં.૮૧૫૦૦ ૦૦૯૮), ફાયર ઓફિસર રોનકભાઈ (મો.નં. ૮૩૪૭૦ ૨૯૧૨૩) તેમજ ફાયર ઓફિસર વિશાલભાઈ (મો.નં.૯૯૨૫૧ ૫૨૬૦૪) પર પણ તાત્કાલિક પરિસ્થિતિમાં સંપર્ક કરી શકાય છે. ફાયર વિભાગે જાહેર સુરક્ષાને ધ્યાનમાં રાખી વૈકલ્પિક મોબાઈલ નંબર જાહેર કરી નાગરિકોને સતર્ક રહેવા અપીલ કરી છે.

BSNL ફોન સેવા પુનઃ શરૂ ન થાય ત્યાં સુધી આ વૈકલ્પિક વ્યવસ્થા અમલમાં રહેશે. ફાયર વિભાગે જાહેર જનતાને અપીલ કરી છે કે કોઈપણ આગ અથવા આપત્તિની સ્થિતિમાં ઉપરોક્ત નંબરોનો ઉપયોગ કરી તાત્કાલિક જાણ કરે, જેથી સમયસર મદદ મળવી શકાય.

# લાખાબાવળ અને પીપળી સ્ટેશનો પર કેટલીક ટ્રેનોના સ્ટોપેજ અસ્થાયી રૂપે રદ

રાજકોટઃરાજકોટ ડિવિઝનના લાખાબાવળ અને પીપળી રેલવે સ્ટેશનો પર નવા ફૂટ ઓવર બ્રિજ (હ્લંમ્) ના નિર્માણ કાર્યને કારણે કેટલીક ટ્રેનોના સ્ટોપેજ અસ્થાયી રૂપે રદ કરવામાં આવ્યા છે. લાખાબાવળ સ્ટેશન પર આ વ્યવસ્થા ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી અને પીપળી સ્ટેશન પર ૨૫ માર્ચ, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. જેની વિગત નીચે મુજબ છેઃ

સ્ટોપેજ રદ થવાની માહિતી

લાખાબાવળ સ્ટેશનઃ

૧) ટ્રેન નંબર ૧૯૨૦૯/૧૯૨૧૦ ભાવનગર—ઓખા—ભાવનગર એક્સપ્રેસઃ તાત્કાલિક અસરથી ૨૫.૦૨.૨૦૨૬ સુધી લાખાબાવળ સ્ટેશન પર સ્ટોપેજ રદ.

૨) ટ્રેન નંબર ૫૯૫૫૨/૫૯૫૫૧ ઓખા—રાજકોટ—ઓખા લોકલઃ તાત્કાલિક અસરથી ૨૫.૦૨.૨૦૨૬ સુધી લાખાબાવળ સ્ટેશન પર સ્ટોપેજ રદ.

પીપળી સ્ટેશનઃ

૧) ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા—ભાવનગર એક્સપ્રેસઃ તાત્કાલિક અસરથી ૨૫.૦૩.૨૦૨૬ સુધી પીપળી સ્ટેશન પર સ્ટોપેજ રદ.

# પશ્ચિમ રેલવે દ્વારા હોળી તહેવારના અવસર પર હોલિડે સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન

## પશ્ચિમ રેલવે દ્વારા અત્યાર સુધી ૨૩૧ હોલિડે સ્પેશિયલ ટ્રેન સેવાઓ જાહેર કરવામાં આવી; મજબૂત હોલ્ડિંગ તથા ભીડ વ્યવસ્થાપન વ્યવસ્થાઓ સુનિશ્ચિત

તહેવારો દરમિયાન મુસાફરોની સુવિધા અને સરળ આવાગમન પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવતાં, પશ્ચિમ રેલવે આવનારા હોળી તહેવાર દરમિયાન સંભવિત મુસાફર ભીડને સંભાળવા માટે વ્યાપક તૈયારીઓ સાથે સંપૂર્ણ રીતે સજ્જ છે. મુસાફરોની વધતી મુસાફરી માંગને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવે દ્વારા અત્યાર સુધી ૨૩૧ હોલિડે સ્પેશિયલ ટ્રેન સેવાઓ જાહેર કરવામાં આવી છે. આ સ્પેશિયલ ટ્રેનો ૦૧ માર્ચથી ૨૨ માર્ચ, ૨૦૨૬ દરમિયાન દેશના વિવિધ ગંતવ્યો માટે ચલાવવામાં આવશે, જેમાં ઉત્તર અને પૂર્વ ભારતના મુખ્ય પ્રદેશો—ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન સહિત અન્ય મહત્વપૂર્ણ રાજ્યો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

આ સ્પેશિયલ ટ્રેનોની યોજના મુસાફરોને વધારાના મુસાફરી વિકલ્પો ઉપલબ્ધ કરાવવા તથા તહેવારો દરમિયાન આરામદાયક અને સુવિધાજનક મુસાફરી સુનિશ્ચિત કરવા માટે તૈયાર કરવામાં આવી છે. પશ્ચિમ રેલવે દ્વારા સ્પેશિયલ ટ્રેનોના સંચાલનની પૂર્વ આયોજન સાથે વિવિધ સેક્ટરોમાં આરક્ષણ પ્રવૃત્તિઓ અને મુસાફર માંગની સતત દેખરેખ રાખીને એક સક્રિય અને મુસાફર-કેન્દ્રિત અભિગમ અપનાવવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનિત અભિષેક દ્વારા જારી કરાયેલ પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર, હોળી તહેવાર દરમિયાન મુસાફર ભીડના સુચારુ સંચાલન માટે પશ્ચિમ રેલવે વધારાની ટ્રેન સેવાઓ અને વ્યાપક મુસાફર સુવિધા પગલાં સાથે સંપૂર્ણ રીતે તૈયાર છે. બુકિંગ પેટર્ન અને મુસાફર આવાગમનની સતત દેખરેખ રાખવામાં આવી રહી છે તથા જ્યાં શક્ય હોય ત્યાં નિયમિત ટ્રેનોમાં કોચોની સંખ્યા પણ વધારવામાં આવી રહી છે. મુસાફરોની માંગના આધારે વધારાની સ્પેશિયલ ટ્રેનો અંગે પણ વિચારણા કરવામાં આવશે અને આવનારા દિવસોમાં વધુ ટ્રેનોની સૂચના જારી કરવામાં આવશે. મુસાફરોને પોતાની મુસાફરીની બહેતર યોજના બનાવવા માટે વિવિધ મીડિયા માધ્યમો દ્વારા સ્પેશિયલ ટ્રેનો અને મુસાફર સુવિધાઓનો વ્યાપક પ્રચાર-પ્રસાર સુનિશ્ચિત કરવામાં આવી રહ્યો છે.

શ્રી વિનિતે વધુમાં જણાવ્યું કે મુખ્ય સ્ટેશનો પર ભારે મુસાફર ભીડની સંભાવનાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના મુખ્ય ટર્મિનલો અને આરંભિક સ્ટેશનો પર વ્યાપક રીતે ભીડ વ્યવસ્થાપન વ્યવસ્થાઓ અગાઉથી અમલમાં મૂકવામાં આવી છે. મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા ટર્મિનસ, ઉધના, સુરત, અમદાવાદ સહિત અન્ય મહત્વપૂર્ણ સ્ટેશનો પર મુસાફરોના સુરક્ષિત અને વ્યવસ્થિત પ્રવેશ તથા બોર્ડિંગને નિયંત્રિત કરવા માટે સમર્પિત મુસાફર હોલ્ડિંગ વિસ્તારો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ હોલ્ડિંગ વિસ્તારોમાં મુસાફરોની સુવિધા માટે બેઠકોની વ્યવસ્થા, પીવાનું પાણી, શૌચાલય બ્લોક, પૂરતું પ્રકાશન, પંખા તેમજ જાહેર જાહેરાત પ્રણાલી જેવી આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ છે.

આ ઉપરાંત, કતાર વ્યવસ્થાપન, મુસાફર માર્ગદર્શન અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મુખ્ય સ્ટેશનો પર આરપીએફ, જીઆરપી અને વાણિજ્યિક કર્મચારીઓની વધારાની તૈનાતીનું આયોજન કરવામાં આવ્યું છે. સીસીટીવી નજરદારી ચોવીસે




કલાક ચાલુ છે અને સંવેદનશીલ સ્ટેશનો પર વરિષ્ઠ રેલ અધિકારીઓ તૈનાત રહેશે, જેથી કામગીરીની દેખરેખ રાખી જરૂર મુજબ તાત્કાલિક કાર્યવાહી સુનિશ્ચિત કરી શકાય. મુસાફરોની સરળ અવરજવર અને ભીડથી બચાવ માટે વધારાના બુકિંગ કાઉન્ટર, મોબાઈલ ટિકિટિંગ વ્યવસ્થાઓ અને ઘનઘોર જાહેર જાહેરાતો પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

હોલિડે સ્પેશિયલ ટ્રેનોના સંચાલન સાથે મજબૂત સ્ટેશન-સ્તરીય તૈયારીઓ અને સંકલિત ભીડ વ્યવસ્થાપન રણનીતિઓ, હોળી તહેવાર દરમિયાન મુસાફરોની સુરક્ષિત, વ્યવસ્થિત અને આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કરવા માટે પશ્ચિમ રેલવેની સજ્જતાને પ્રતિબિંબિત કરે છે.

પશ્ચિમ રેલવે તમામ મુસાફરોને અપીલ કરે છે કે તેઓ પોતાની મુસાફરીની પૂર્વ આયોજન કરે, નિર્ધારિત હોલ્ડિંગ વિસ્તારોનો ઉપયોગ કરે અને રેલવે સ્ટાફ તથા સુરક્ષા કર્મચારીઓનો સહયોગ આપે, જેથી તહેવારો દરમિયાન સૌ માટે સુચારુ આવાગમન અને સુખદ મુસાફરી અનુભવ સુનિશ્ચિત થઈ શકે.

# માસ્ટર આઈડી ફોરવર્ડ કરી ઓનલાઈન જુગાર રમાડતો વેપારી ઝડપાયો

રાજકોટઃ

એસ્ટ્રોન બગીચા પાસે માસ્ટર આઈડી ફોરવર્ડ કરી ઓનલાઈન જુગાર રમાડતાં વેપારીને પીસીબીની ટીમે પકડી પાડી કાર્યવાહી કરી હતી. ક્રાઈમ બ્રાન્ચમાંથી પીસીબીમાં હાજર થતાં જ બે પોલીસમેને કામગીરી બતાવી હતી અને જીત ઠકરારની ધરપકડ કરી બુકીનું નામ ખોલાવવા તજવીજ આદરી હતી.

દરોડાની વિગત મુજબ પીસીબી પીઆઇ એમ.આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પીઆઈ એમ.જે.હુંણની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ ઉમેશ ચાવડા અને કોન્સ્ટેબલ વિશાલ દવેને ન્યુ જાગનાથ એસ્ટ્રોન ચોકના બગીચા પાસે મંગલમ હોસ્પિટલ સામે રોડ ઉપર એક શખ્સ પોતાના મોબાઈલમાં આઈડી વડે ઓનલાઈન જુગાર રમી રહ્યો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દોડી જઈ તે શખ્સને અટકમાં લઇ તેનું નામ પૂછતા જીત અતુલ ઠકરાર (ઉ.વ.૨૮), (રહે.શાંકુતલ એપાર્ટમેન્ટ ફ્લેટ નંબર ૧૦૧ ન્યુ જાગનાથ શેરી નંબર ૨૨) હોવાનું જણાવ્યું હતું.

પોલીસે તેની પાસે રહેલ મોબાઈલ ફોન જોતા તેમાં ગ્લોબલ૭૭૭૭.કોમ નામની જુગાર રમવાની માસ્ટર આઈડીમાંથી ગ્રાહકોને જુગાર રમવાની આઈડી ફોરવર્ડ કરી લાઈવ કસીનોની રમતમાં તેમજ અન્ય રમતો પર જુગાર રમાડતો હોવાનું સામે આવતા પકડાયેલ જીત ઠકરારની ધરપકડ કરી મોબાઈલ કબ્જે કરી તેને માસ્ટર આઈડી આપનાર શખ્સનું નામ ખોલાવવા તજવીજ હાથ ધરી છે. પકડાયેલ શખ્સ કાર ડિટેલિંગ અને કોટિંગનું કામ કરતો હોવાનું પણ ખુલ્યું છે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)